# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## શ્રીહરિનું અલૌકિક ઐશ્વર્ય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સંસારમાં જેને આપણે સુખ માનીએ છીએ એ સુખ જો આપણને મળ્યું હોય તો મનમાંથી એવી દઢ ભાવના હોય કે ભગવાનની કૃપાથી સુખી છીએ. માનવ પ્રકૃતિ છે એને પોતાના કાર્યનું અભિમાન હોય છે. મેં આ કર્યું એટલે જો કેટલો બધા ફાયદો થયો ! માનવ માત્ર એમ જ માને છે કે મારી આ મહેનતથી, 'મારી બુધ્ધિથી, મારા પરિશ્રમથી મને આ ફાયદો થયો છે. પણ જો ભક્ત હોય તો એના હૈયામાં એમ જ હોય છે કે મને સુખ મળ્યું, મને જે પ્રાપ્તિ થઈ છે એ ભગવાનની કૃપાથી થઈ છે. જગત અને ભગતની માન્યતામાં આ પાયાનો તફાવત છે.

શ્રીજી મહારાજ અને સંતો સાથે હતા અને એકવાર એવો પ્રસંગ બનેલો. પ્રભુ ઠંડીમાં વિચરણ કરતાતા. માણકી ઘોડીને પાણી પાવા માટે કોઈક ખેડૂતની વાડીએ ગયા. એ ખેડૂતે ઘઉં વાવેલા. લીલા મોતીના દાણા જેવા ઘઉંથી ભર્યું ભર્યું ખેતર જોઈને શ્રીજી મહારાજ કહે છે, પટેલ ઘઉં બહુ સારા થયા છે હો.... એ સાંભળી પટેલે પ્રવચન શરૂ કર્યું. થાય કેમ નહીં.... મહેનત કહીએ છીએ, રાત દહાડો જાગીએ છીએ. ખેડ કરી છે, ખાતર નાંખ્યું છે ને આ તમે જુઓ છો ને આવી ઠંડીમાં આ કોશ ચલાવીએ છીએ પછી કેમ સારા ન થાય ?

મહિના પછી સ્વામિનારાયણ ભગવાન એજ રસ્તેથી ગઢપુર તરફ પાછા વળ્યા ત્યારે આ પટેલે ઘઉં કાપી કાપીને ખેતરના શેઢે ઢગલો કરેલો. એ જોઈને સ્વામિનારાયણ ભગવાને પૂછ્યું. અરે પટેલ ! આ શું ? કેમ આ ઘઉં લણ્યા નહીં, ઢગલો કરીને ફેંકી દીધાં ? ત્યારે આ પટેલે જવાબ આપ્યો કે શું કરીએ ભગવાને એવો ગેરૂ નાંખ્યો, બધા ઘઉં નકામાં ગયા. અમારી મહેનત પાણીમાં ગઈ. એનો જવાબ સાંભળી શ્રીજી મહારાજ બધા ભક્તોને સંતોને કહે છે, જુઓ આ જગતની દૃષ્ટિ, જો સુખ મળતું હોય તો માણસ એમ માને અમારી મહેનતથી મળ્યું અને દુઃખ આવે ત્યારે માણસ એમ માને આ ભગવાને મોકલ્યું ને અમે દુઃખી થઈ ગયા. એ સાચા ભક્ત નહીં. જેને ભગવાનનો અનન્ય આશરો છે, દઢ નિશ્ચય છે તેવા ભક્તો ભગવાનને જ સર્વ કર્તા-હર્તા જાણે. સુખ આપે કે દુઃખ ભગવાનની જ ઈચ્છાથી થાય છે એવો દઢ વિશ્વાસ હોય.

**હું હરિનો હરિ મમ રક્ષક એ ભરોંસો જાય નહિ,**
**હરિ જે કરશે તે મમ હિતનું, એ વિશ્વાસ તજાય નહિ."**

આવા ભક્તોને ભગવાન ઉપર દઢ વિશ્વાસ હોય છે કે ગાયોનો ગોવાળ જેમ પોતાની ગાયોની રક્ષા કરે છે ધ્યાન રાખે છે વળી જેમ માતા બાળકની સતત સંભાવના રાખે છે. માતાની મનોવૃતિ પોતાના નાના બાળકમાં જ હોય. ગ્રામ્ય વિસ્તારની માતાઓ પોતાના છોકરાને ઘરમાં સૂવાડીને વાડીમાં, ખેતરમાં કે પાણી ભરવા જાય તો એનું મન સતત છોકરામાં હોય. જાગ્યો હશે, રડશે..... કોઈ માતા નોકરી કરતી હોય, ઘોડિયાઘરમાં છોકરાને રાખ્યું હોય છતાં મન ત્યાં હોય. માતાનું મન જેમ પોતાના નાના બાળકમાં હોય એમ હે પ્રભુ ! તમે અમારૂં અખંડ ધ્યાન રાખો છો.

માટે ભગવાન ક્યારે પણ આપણને દુઃખી કરતાં નથી, આપણું બગાડતા નથી એવો વિશ્વાસ રાખી ભગવાનનું ભજન કરવું. અને સમજી રાખવું ભગવાનની કૃપા જ સર્વોપરી છે.

●

## ભક્ત રક્ષક ભગવાન

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

કોઈ કહે ભગવાનનું સ્વરૂપ ઉભું કેમ છે ? તો જવાબ મળશે. ભક્ત રક્ષા માટે. કોઈ કહે ભગવાનને માળા શા માટે ફેરવવાની. કોના નામની માળા ફેરવતા હશે ? તો જવાબ મળશે ભક્તોના નામની. કોઈ કહે ભગવાનનું ઐશ્વર્ય કેવું હોય ? પ્રતાપ કેવો હોય ? તો સજજનો ભગવાન ભક્તના દુઃખ દૂર કરે એવા ઐશ્વર્ય હોય છે.

સંકટ, મુંઝવણ ટાળે આનંદ ઉપજાવે એવો પ્રતાપ હોય છે. તો આજે એક એવું જ ઐશ્વર્ય પ્રતાપનું ચરિત્ર વાંચીએ.

કાશીદાસ નામે એક ભક્ત હતા. તે બોચાસણ ગામના હતા. કાશીદાસભાઈના ઘરમાં ખૂબ સારો સત્સંગ હતો. નિત્ય સવારે બધા જ ઘરના સભ્યો ભેગા મળી ભગવાનની આરતી કરતા. પ્રાર્થના બોલતા અને દરરોજ સવારે કથા-વાર્તા શાસ્ત્ર વાંચન કરી પછી જ પોત પોતાનું કામકાજ કરતા. આરતી પ્રાર્થના કે કથાવાર્તા કર્યા સિવાય સવારે પાણી પણ ન પીતા.

એક દિવસ સવારે કાશીદાસભાઈ તથા તેમના કુટુંબીજનો મંગળા આરતી કરતા હતા. તેવામાં સરકારના માણસો હાથમાં હથિયાર લઈ આવ્યા. કાશીદાસભાઈ અમે તમને કેદ કરવા આવ્યા છીએ. હાથમાં પગમાં બેડીઓ બાંધી દીધી. આની પાછળ કારણ એ હતું કે કાશીદાસભાઈએ કોઈ વેપારી પાસેથી રૂપિયા લીધા હતા. તે ઘણા સમયથી ચૂકવેલા નહિ. આ વેપારી ભારે ભૂંડો. વેપારીએ સરકારમાં અરજી કરી અને આ કારણથી કાશીદાસને પગમાં બેડીઓ નંખાવી જેલમાં પુરાવ્યા.

એવામાં ગઢપુરમાં સમૈયો હતો. તે કાશીદાસની માતા કાશીદાસના ઘરવાળા એ સૌ દર્શને ગયાં. ને કાશીદાસ તો કેદમાં હતા. તેથી ન જઈ શક્યા. જેલમાં બેઠા બેઠા બહુ ઉદાસ થયા. દિલગીર થયા. હે મહારાજ ! તમારી આજ્ઞા લોપી તો સમૈયાનું સુખ ન મળ્યું. હે મહારાજ ! જો દેવું ન કર્યું હોત તો તમારી અમૃતવાણીનો તમારા દર્શનનો લાભ લઈ શકત. આમ જેલમાં ઉદાસ રહેતા. દરરોજ સવારે સિપાઈની સાથે કાશીદાસ નદીમાં નાવા જાય. અને સિપાઈ તેને પાછા પકડીને જેલમાં પૂરી દેતા.

એક દિવસે કાશીદાસભાઈએ હાથમાં પાણી લઈ, હે મહારાજ ! તમે જ પ્રહલાદની રક્ષા કરનારા છો, તમે જ ગજની ગ્રાહ થકી રક્ષા કરનારા છો. તમે જ સુધન્વાની ઉકળતા તેલથી રક્ષા કરનારા છો. આમ સંકલ્પ કરી જળ મૂક્યું ને કાશીદાસે પાણીમાં ડૂબકી મારી તે દસ ગાઉ ઉપર નીકળ્યા. પગમાં બાંધેલી બેડી પણ છૂટી ગઈ અને સિપાઈ પાછો આવ્યો ને અધિકારીને જાણ કરી કે કાશીદાસ તો નદીમાં ડૂબી ગયા. પછી કાશીદાસ દસ ગાઉ દૂર નીકળીને ગઢડે જવા માટે ચાલી નીકળ્યા. મહારાજ ગઢપુરમાં બેઠા હતા. કાશીદાસની માતાને બોલાવીને કહ્યું. તમારો કાશીદાસ હમણાં આવશે. ત્યારે એ બહેને કહ્યું, હે મહારાજ ! મારો કાશીદાસ તો કેદમાં છે. ક્યાંથી આવે ? મહારાજે કહ્યું, હમણા આવશે. એમ વાત કરે છે ત્યાં કાશીદાસે આવી મહારાજને દંડવત કર્યા. ત્યારે મહારાજે એ ડોસીને કહ્યું આ તમારો કાશીદાસ ખરો કે નહિ ? અને એ માજી બહુ રાજી રાજી થઈ ગયા. પછી કાશીદાસ દસ દિવસ ગઢપુરમાં રહ્યા. મહારાજે આજ્ઞા કરી હવે તમે ઘેર જાઓ. ત્યારે કાશીદાસે કહ્યું, મહારાજ ! હું ત્યાં જઈશ અને મને દેખશે તો પકડીને ફરીથી કેદ કરશે. મહારાજ કહે હવે કોઈ તમારું નામ નહિ લે. તમે સુખેથી ઘેર જાઓ.

અને કાશીદાસ સહિત સર્વ કુટુંબીજનો પોતાને ઘેર આવ્યા. ત્યારે કાશીદાસને જે વેપારીએ કેદ કરાવ્યા હતા તેણે જોયા. એણે સરકારમાં જઈને અરજી કરી કે કાશીદાસ આવ્યો છે. તેને પકડીને પાછો કેદ કરો. ત્યારે સરકારના માણસો કાશીદાસને પકડી સરકાર પાસે લઈ ગયા. અને પૂછ્યું કે તું નાવા ગયો હતો તે કેવી રીતે અદ્રશ્ય થઈ ગયો ? ત્યારે કાશીદાસે કહ્યું સાહેબ મને કંઈ ખબર નથી. મેં તો ડૂબકી મારી અને હું દસ ગાઉ દૂર નીકળ્યો. મારા પગમાં બેડી પણ ન હોતી. હવે સરકારની જેમ મરજી હોય તેમ કરો. ત્યારે સરકાર વિચારીને બોલ્યા, જે આને તો પરમેશ્વરે પરચો દીધો છે. પછી અરજી કરનારને કહ્યું, કાશીદાસ પાસે તમારું લેણું હતું. એ કાશીદાસ આ નથી. આને તો પરમેશ્વરે બીજો જન્મ આપ્યો છે અને એની રક્ષા કરી છે. માટે તમે કંઈ પણ ઉઘરાણી કરી શકશો નહિ. એ રીતે કાશીદાસ ઉપર મહારાજે બહુ કૃપા કરી.

કાશીદાસભાઈએ નિયમ લીધો કે મહારાજ રાખે તેમ રહેવું પણ કોઈની પાસે ઉધાર લેવું નહિ. નિયમિત ભગવાનની સવારે આરતી, પ્રાર્થના કથાવાર્તા, શાસ્ત્ર વાંચનના પ્રતાપે ભગવાને મારી રક્ષા કરી છે. ફક્ત કેદથી નથી છોડાવ્યો પણ ભવબંધનની કેદથી પણ મુક્ત કર્યો છે. એમ જાણી દૃઢ ભક્ત થયા.

સજ્જનો ! ભક્ત રક્ષા કરવા ભગવાન આવા તો અનેક ઐશ્વર્યો પૂરા પાડે છે. જીવમાં ભક્તિની ભજનની સેવાની દૃઢ ખુમારી રાખશો તો ભગવાન ચોક્કસ આપણી સાથે છે ને છે.

(- હરિલીલાવાર્તા વિવેક વાર્તા નં.-૫ આધારીત.)